ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૭૩ ટકા

ગાંધીનગર તાપમાન

સીટીપ્લસ થીટેયરથી રાંદેસણ ગામમાં જવાના રસ્તા ઉપર, કસારીયો, એપાર્ટમેન્ટની આગળ ન્યૂ ગાંધીનગર વિસ્તારમાં છેલ્લા બે મહિનાથી પીવાના પાણીની પાઈપ લિકેજ થવાથી પાણીનો વ્યય થાય છે અને આજુબાજુ ગંદકી ફેલાઈ રહી છે. જે તાત્કાલિક રીપેરીંગ થાય તેવી રહિશોની માંગણી છે.

સે-૨૪ રંગમંચ ખાતે પાંચ દિવસીય યોગ શિબિરનો પ્રારંભ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરની પતંજલિ યોગ સમિતિ અને માનસ યોગ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તા.૪થી ઓગસ્ટે આચાર્ય બાલકૃષ્ણજી મહારાજના જન્મદિવસને જે જડીબુટ્ટી દિવસ તરીકે સમગ્ર ભારતમાં ઉજવાય છે તેની ઉજવણીના ભાગ રૂપે સેક્ટર-૨૪ રંગમંચ ખાતે પાંચ દિવસીય યોગ શિબિરના આયોજન સાથે જડીબુટ્ટી જેવી કે તુલસી, ગળો, અશ્વગંધા, સરગવાના ૫૦૦ છોડના વિતરણ દ્વારા કરવામાં આવી છે. આ પ્રસંગે યોગાચાર્ય કાનજીભાઈ બાવરી તથા પતંજલિ યોગ સમિતિના કર્મઠ યોગી સદસ્યોનું ફુલ છડીથી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સ્થાનિક અગ્રણી સંજીવ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

યોગ શિબિરનું સંચાલન યોગાચાર્ય કાનજીભાઈ બાવરી દ્વારા માત્ર આસન પ્રાણાયામ જ નહીં પરંતુ રોગાનુસાર યોગઅભ્યાસ અને દૈનિક જીવન પદ્ધતિમાં સુધારો કરી સ્વાસ્થ્ય કેવી રીતે જાળવી શકાય તેનું પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું જેનો લાભ બહોળી સંખ્યામાં ઉપસ્થિત યોગી ભાઈઓ તથા બહેનોએ લીધો હતો. કાર્યક્રમમાં પતંજલિ યોગ સમિતિના વિવિધ હોદ્દાઓ પર નિમણૂંક જાહેર કરવામાં આવી અને તે મુજબ જવાબદારીઓ સોંપવામાં આવી હતી.

જન્મદિને વધામણી

અશ્વિનભાઈ આર પંડ્યા
મો. ૯૪૨૬૩ ૧૭૭૨૨

પંકજ પ્રજાપતિ
મો. ૮૩૨૦૬ ૪૩૪૪૬

હર્ષા મેવાડા
લાયોનેસ ક્લબ

રૂદ્રરાજસિંહ પ્રદિપસિંહ વાઘેલા

બાળકોને સુખડી આપવા આંગણવાડીના મહિલા સેવિકા ઝુંપડપટ્ટીમાં પહોંચ્યા

સામાન્ય રીતે સરકારી કર્મચારીઓ અંગે એવી છાપ જોવા મળે છે કે તેઓ ઘડિયાળના કાંટે અને પોતાના ટેબલ પુરતું જ કામ કરતા હોય છે. જોકે સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત સરકારના કર્મચારીઓ પણ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવતા હોય છે તેનું એક ઉત્તમ ઉદાહરણ ગાંધીનગરના સેક્ટર-૧૧ ખાતે ઝુંપડપટ્ટીમાં જોવા મળ્યું હતું. આજે બપોરના સમયે જ્યારે મોટાભાગની મહિલા ગૃહીણીઓ આરામ ફરમાવતી હોય ત્યારે ગાંધીનગર સેક્ટર-૧૩ સ્થિત આંગણવાડીના મહિલા સેવિકા સેક્ટર-૧૧માં આવેલી ઝુપડપટ્ટી ખાતે પહોંચ્યા હતા. અગાઉ કરવામાં આવેલા સર્વે મુજબ અહીં આ બાળકોનું નામ સુખડીનાં લાભાર્થીના આવતું હતું જેના આધારે આંગણવાડી સેવિકાબેન દ્વારા આ ઝુંપડપટ્ટીના બાળકોને શોધી શોધીને સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોને સુખડી આપવા છેક તેમના ઝુંપડા સુધી આવેલા સેવિકાબેનને નિહાળી લાભાર્થી બાળકોના પરિવારજનો પણ અહોભાવથી ગદગદિત થયાં હતા.

પવિત્ર શ્રાવણ માસમાં શ્રી સોમનાથ મંદિરે શ્રાવણોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૫

ટૂંક સમયમાં પવિત્ર શ્રાવણ માસનો શુભારંભ થવા જઇ રહ્યો છે, કોરોના કાળમાં ચોતરફ ફેલાયેલી નિરાશા વચ્ચે માનવી ફરી એકવાર ઈશ્વરના શરણે સંજયને આ મહામારી માંથી છુટકારો મળે તે માટે પૂજા-અર્ચના, વ્રત-ઉપવાસ અને ભજન-પ્રાર્થના કરતો દેખાશે. પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાંધીનગરમાં સેક્ટર-૧૬ ખાતે શ્રી સોમનાથ મંદિરમાં શહેરના કથાકાર અને વૈદિક કર્મકાંડી આચાર્ય અખિલેશ પુરોહિત દ્વારા શ્રાવણોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી સોમનાથ મંદિરે યોજાનાર શ્રાવણોત્સવમાં અલગ અલગ મહાપૂજા, અભિષેક, યજ્ઞ-જાપ વગેરે યોજાશે. સંપૂર્ણ શ્રાવણ માસ દરમ્યાન અભિષેકાત્મક મહારૂદ્ર, સવાલાખ બીલીપત્ર પૂજા, સવા લાખ મહામૃત્યુંજય મંત્ર, પંચવકત્ર મહાપુજા, ૧૦૦૮ કમળ પુષ્પ મહાપૂજા, ૧૦૮ લિટર દૂધથી અભિષેક, પાર્થેશ્વર મહા પૂજા, અન્નકૂટ મહાભોગ, સુંદરકાંડ, હોમાત્મક લઘુરુદ્ર વગેરે ધાર્મિક કાર્યક્રમો યોજાશે. વિશેષમાં એક હજાર કળશોથી અનેક ઔષધી રસ જેવા કે દૂધ, દહીં, ઘી, શેરડી વગેરેથી ભગવાન શિવજી પર અર્ચાશુદ્ધિ મહાસ્નપન કરાશે. આ સાથે વિશ્વ માત્રનું કલ્યાણ થાય, કોરોના વૈશ્વિક મહામારીની ઉપ શાંતિ થાય, શાંતિની સ્થાપના થાય તેવી પ્રાર્થના પણ કરવામાં આવશે. શ્રાવણોત્સવનો ધર્મ લાભ લેવા ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સ્મિત મ્યુઝિક દ્વારા સંગીતના અવનવા કાર્યક્રમો યોજવામાં આવે છે. ફેસબુક લાઈવ દ્વારા યોજાતા સંગીતના કાર્યક્રમોને ખૂબ જ સારો પ્રતિસાદ મળે છે. બોલીવૂડના જાણીતા ગાયક સ્વ. કિશોરકુમારની જન્મ જયંતિ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં તેમની ફિલ્મોના જાણીતા ગીતો રજૂ કરાયા હતા.

સરકારી ઈજનેરી કોલેજ ખાતે વેબિનાર

ગાંધીનગર, તા. ૫

સરકારી ઈજનેરી કોલેજ ગાંધીનગર ખાતે આચાર્ય ડૉ. શ્વેતા પી. દવે, મેટલર્જી વિભાગના વડા ડૉ. આઈ.બી. દવે અને ચેરમેન ડી.એસ. ડી. કાહરના માર્ગદર્શન હેઠળ "કોરોજન ડેમેજ મિકેનિજમ એન્ડ પ્રીવેંશન ફોર ઓઈલ એન્ડ ગેસ-રિફાઈનરી એપ્લીકેશન" પર ટેકનીકલ વેબિનાર ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેટલ્સ બરોડા ચેપ્ટરના સંયોજનથી મેટલર્જી વિભાગના પ્રધ્યાપક ડૉ. દૌલતકુમાર શર્માના કોર્ડીનેશનમાં કરાયું હતું. જેમાં પ્રવક્તા તરીકે ઉર્વેશ વાલા, સીનીયર ડીજીએમ, એલ એન્ડ ટી ચિયોડા અને વાઈસ ચેરમેન, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેટલ્સ-બરોડા ચેપ્ટરે વ્યાખ્યાન આપ્યુ હતુ. જેમાં ૬૦ વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો.

જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં વિવિધ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૫

જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં ઓનલાઈન વેશભૂષા તથા વર્ષાગીત સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વેશભૂષામાં તલાવીયા રૂદ્ર (કૃષ્ણ) (ધો.૧), પરમાર હની. એમ (રાધા) (ધો.૨), જાદવ આરવ પી. (સોલ્જર)(ધો.૨), પંડ્યા નેન્સી (રાણી લક્ષ્મીબાઈ) (ધો. ૩), ચૌધરી ક્રિશા એસ. (ડૉક્ટર) (ધો. ૪), પટણી રંજના એચ. (ટીચર) (ધો. ૪) વિજેતા બન્યા હતા. વર્ષાગીત સ્પર્ધામાં પરમાર હની (ધો. ૨), પરમાર દેવમ (ધો. ૧), પટણી રંજન એચ, પટેલ જાન્વી જી. વિજેતા બન્યા હતા.

રૂપાલ નારદીપુર ત્રણ રસ્તા પાસેથી ડફેર ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર એસઓજી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.એસ.રાણા અને એમ.જી.ચૌધરી તેમજ ટીમના સભ્યો સાથે પેથાપુર પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે સમયે સાથે રહેલા એએસઆઈ દેવેન્દ્રસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે રૂપાલ નારદીપુર ત્રણ રસ્તા એક શખ્સ ગેરકાયદેસર બંદુક સાથે ફરે છે. જેથી એસઓજીની ટીમ બાતમીવાળી જગ્યાએ પહોંચી જઈને દેશી બનાવટની બંદુક સાથે લતીફ ઉર્ફે લઘો ગુલુભાઈ સિંધી(ઉં.૩૦ રહે.બકરામંડીની બાજુમાં નંદાસણ ગામ તા.કડી.)ને પકડી પાડી આર્મસ એકટ હેઠળ પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે.

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર સાહેલી દ્વારા વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૫

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર સાહેલી તથા આર.બી.એલ.ડી. સ્કૂલ માણસાના વર્ષ ૧૯૯૬ના સહપાઠી વિદ્યાર્થીમિત્રોની ટીમના સંયુક્ત ઉપક્રમે સ્કૂલ કેમ્પસમાં બોટલપામના સુશોભિત ૨૪ નંગ પ્લાન્ટસની વાવણી કરી હતી. આ કાર્યક્રમ હેમાબેન શર્મા (પ્રિન્સિપાલ), ગાયત્રીબેન પટેલ (ડાયરેક્ટર), સોનલબેન પટેલ (માણસા સ્કૂલના પ્રિન્સિપાલ), ખુશી પટેલ, રીટા પટેલ તથા અન્ય મિત્રોએ હાજરી આપી હતી.

સ્વાતંત્ર્ય દિને એબીવીપી ગાંધીનગર વિભાગના ૮૦૦ ગામોમાં ધ્વજવંદન કરશે

ગાંધીનગર, તા. ૫

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા આગામી તા.૧૫મી ઓગસ્ટથી સંગઠન વધુ મજબૂત બનાવવા માટે વિવિધ યોજના શરૂ કરવામાં આવશે. આજે ગાંધીનગરના સે.૧૦એમાં ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ખાતે પત્રકારોને માહિતી આપતા જણાવાયું હતું કે આગામી તા.૧૫મી ઓગસ્ટે ભારતના ૭૫માં સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા 'સ્વરાજ્ય-૭૫ અભિયાન' નામનો કાર્યક્રમ યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર વિભાગના અલગ અલગ ૮૦૦ ગામોમાં કોવિડ-૧૯ના તમામ નિયમોના પાલન સાથે સ્થાનિક અગ્રણીના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરશે જેમાં ૨૪૦૦ વિદ્યાર્થી અને કાર્યકર્તાઓ જોડાશે. આ પત્રકાર પરિષદમાં એબીવીપીના ગુજરાત પ્રદેશ મીડિયા સયોજક સમર્થ ભટ્ટ, પ્રદેશ હોસ્ટેલ સંયોજક અને પ્રદેશ સ્વરાજ-૭૫ સહ સંયોજક અમનસિંહ ચાવડા તેમજ ગાંધીનગર વિભાગ સંયોજક અમિતાબેન સાહુ ઉપસ્થિત રહ્યાં હતા.

લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સેવાકાર્ય

ગાંધીનગર, તા. ૫

લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા દિવ્યાંગને ટ્રાઈસિકલ અર્પણ કરાઈ હતી. અભાવગ્રસ્ત વ્યક્તિઓને શોધીને તેની જરૂરિયાતની પૂર્તિ કરવાના સફળ પ્રયાસો ક્લબ દ્વારા થઈ રહ્યા છે. જેના ભાગરૂપે લાયોનેસ ક્લબના પ્રમુખ નીતા રાણા તથા દાતા કલ્પનાબેન અમૃતિયાના વરદહસ્તે એક દિવ્યાંગને ટ્રાઈસિકલ ભેટ આપી હતી. આ કાર્યક્રમમાં પૂર્વ પ્રમુખો અંજલીબેન ભટ્ટ, મિત્તલ રાણા, ખજાનચી વિમળાબેન અયાયી, સહ ખજાનચી જાગૃતિબેન વ્યાસ સહિત બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આજના હિંડોળા

- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે મધુર ગુટીકાની સુંદર શોભાના હિંડોળા યોજાશે.
- સેકટર-૨૧ શ્રી ગોવર્ધનનાથજીની હવેલીમાં સફેદ ઘટાના હિંડોળાના દર્શન યોજાશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગને ગોલ્ડન બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન

ગાંધીનગર, તા.૫

ચિલ્ડ્રન યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે.

યુનિવર્સિટીના ૧૩મા સ્થાપના દિને મા. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા, યુનિવર્સિટીના મા. કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ અને પ્રિન્સિપાલ સેક્રેટરી એસ. જે. હૈદરના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

કોરોના મહામારીને લીધે બાળકો પોતાના ઘરમાં મૂંઝવણ અને મુશ્કેલી અનુભવી રહ્યા હતા ત્યારે તેમનામાં રહેલી સર્જનાત્મકતા અને આનંદને બહાર લાવવા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા ઑનલાઈન સમરકેમ્પ - 'કલામૃતમ્' દિનાંક ૨૧ થી ૨૫ મે, ૨૦૨૧ દરમિયાન પાંચ દિવસ યોજવામાં આવ્યો. હંમેશાં બાળકો અને પરિવારોની ખુશાલી માટે જ જેમનું હૃદય ધબકે છે એવા કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહને વિચાર આવ્યો કે, બાળકો હસતાં રમતાં શીખી શકે એવું કંઈક મસ્તીભર્યું આયોજન કરીએ. તેમના આ વિચારની ફલશ્રુતિ એટલે પાંચ દિવસનો ઑનલાઈન સમરકેમ્પ.

જોતજોતામાં આ સમરકેમ્પ "કલામૃતમ્ ૨૦૨૧"માં ગુજરાતભરમાંથી ૭૬૬૦૦ બાળકો રજિસ્ટર્ડ થયા. હજારો પરિવારો સાથે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો એક અતૂટ સંબંધ સ્થાપિત થયો. આ સમરકેમ્પમાં પાંચ દિવસ જુદી જુદી પ્રવૃત્તિઓ જેવી કે, ગીત- સંગીત, રમકડાં બનાવવાં, રમત રમવી, ચિત્રકામ અને હાસ્યમસ્તીના કાર્યક્રમો આપવામાં આવ્યા, જેમાં ભાગ લેનાર તમામ બાળકો મસ્તીથી ઝૂમી ઊઠ્યાં હતાં. આ કેમ્પમાં ગુજરાત રાજયના મા. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા પણ હાજર રહ્યા અને બાળકોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી સમરકેમ્પ "કલામૃતમ્ ભાગ – ૨" કરવાની હાકલ કરી હતી.

પાંચ દિવસના આ કેમ્પમાં ૭૬૬૦૦ બાળકોનાં રજિસ્ટ્રેશન, ૨૫૯૩૦ યૂટ્યૂબ ચેનલના સબસ્ક્રાઈબર્સ, ૩૪૯૧૧પની જીવંત પ્રશ્નોત્તરી અને ૨૯૫૬૩૩ વ્યૂવર્સના આંકડાએ આ કેમ્પને ગોલ્ડન બુક ઑફ વર્લ્ડરેકોર્ડમાં સ્થાન અપાવ્યું અને યુનિવર્સિટીના ૧૩મા સ્થાપના દિને ગુજરાતના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસામાના હસ્તે વિશ્વની એકમાત્ર ગુજરાત રાજયની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીને ગોલ્ડન બુક ઑફ વર્લ્ડરેકોર્ડનો એવોર્ડ પ્રાપ્ત થયો. યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ, કુલસચિવ શ્રી ડૉ. અશોક એન. પ્રજાપતિ , સ્કૂલ ઑફ ઈનોવેટિવ એજ્યુકેશનના ડાઈરેક્ટર પ્રો. રણજિતસિંહ પવાર, વિદ્યાનિકેતનના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલ તથા વિદ્યાનિકેતન ટીમના શ્રી હાર્દિકભાઈ ભટ્ટ, શ્રી જયદેવભાઈ ધાંધિયા, ડૉ. શિલ્પાબેન વાળા, શ્રી સંજયભાઈ તથા સમગ્ર વિદ્યાનિકેતનની ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. તે ઉપરાંત યુનિવર્સિટી પરિવારના સૌ સભ્યોએ યુનિવર્સિટીની આ સિદ્ધિને ગૌરવપૂર્ણ રીતે વધાવી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ઓનલાઈન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૫

શાળામાં અભ્યાસ કરતાં બાળકોમાં ઉત્તમ સંસ્કારોનું ચિંતન થાય તે માટે સ્કૂલ દ્વારા ઓનલાઈન ગ્રાન્ડ પેરેન્ટ્સ ડે નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બાળકોએ પુજાથાળી તૈયાર કરીને દાદા-દાદી અને વડીલને કંકુ-તિલક કરીને આરતી ઉતારી આશીર્વાદ લીધા હતા અને શિક્ષિકાઓએ ઓનલાઈન ક્લાસમાં બાળકોને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

જાગૃત વસાહત ફોરમ દ્વારા સન્માન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૫

આસ્થા સેવા યજ્ઞ, સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળ, નેચર ફર્સ્ટ, વસાહત મંડળો અને વિવિધ સંસ્થાઓએ અનેક કાર્યક્રમોનું આયોજન અને વૃક્ષારોપણ કર્યુ હતુ.

જાગૃત વસાહત ફોરમ દ્વારા બાળકોને ચોકલેટ અપાઈ હતી. ગોકુળપુરામાં આસ્થા સેવા યજ્ઞના નેજા હેઠળ મફતભાઈ દેસાઈ, મહેન્દ્રભાઈ કે. ચૌહાણ, જીવણભાઈ, રાજારામભાઈ, જી.કે. દેસાઈ, ભુવાજી, અન્ય મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય, કેક વિતરણ, ગાંઠીયા બુંદીનો પ્રસાદ અને પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતુ.

જાગૃત વસાહત ફોરમ દ્વારા કમલેશભાઈ પટેલ (મંત્રી), અમીતભાઈ ઠાકર, સંજીવભાઈ મહેતા, અરૂણભાઈ બુચનું સ્વામી વિવેકાનંદ અને ભારત માતાનું પોકેટ આપી સન્માન કરાયુ હતુ. કમલેશભાઈ પટેલ તથા મેયર રીટાબેન પટેલના હસ્તે મહેન્દ્રભાઈ કે. ચૌહાણ (મંત્રી)નું સન્માન કરાયુ હતું.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ઠાકોર મીરાબેન રમેશભાઈ,** ઉ.વ. ૨૮, વાસણાચૌધરી, દહેગામ
- **સ્વ. રાઠોડ જયેન્દ્રસિંહ રતનસિંહ,** ઉ.વ. ૩૫, દોલારાણા વાસણા
- **સ્વ. ત્યાગરાજન કનીમંગલમ રાજગોપાલ,** ઉ.વ. ૮૨, સે-૬
- **સ્વ. ચૌહાણ રમેશભાઈ સેંધાભાઈ,** ઉ.વ. ૬૬, ઈન્ફોસીટી

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. પ્રજાપતિ લક્ષ્મીબેન મોહનભાઈ,** ઉ.વ. ૮૫, ઈન્દ્રોડા

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા. ૫

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં બ્રહ્મસમાજની બહેનો માટે તારીખ ૧૨-૮-૨૧ને ગુરૂવારના રોજ એક દિવસના પ્રવાસનું આયોજન કરાયું છે. જે ગાંધીનગરથી વાસણિયા મહાદેવ, જામળા આ-શુદેવ મહાદેવ, વડનગરમાં હાટકેશ્વર મહાદેવ, તાના-રીરી, શર્મિષ્ઠા તળાવ, નરસિંહ મહેતાની ચોરી, વડનગરમાં જોવાલાયક બીજા સ્થળો, તારંગા હિલ સ્ટેશન, તારણ-ધારણ માતા વિગેરે સ્થળોનો પ્રવાસ રાખ્યો છે. જે બહેનોને પ્રવાસમાં જવાની ઈચ્છા હોય તેઓએ પ્રવિણાબેન વોરા (૯૪૦૮૦૫૭૯૬૮), વિમળાબેન (૯૪૨૬૩૫૬૦૧૭), અંજના ગોર (૯૨૬૫૯૨૩૪૫૯), પ્રતિમાબેન ત્રિવેદી (૯૭૨૩૯૮૫૫૩૮) પર સંપર્ક કરવા જણાવાયું હતું.